UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060

Team Achievers

Charter NO : 15139 RI DISTRICT: 3060 CHARTER DATE: 29/05/1955

# ઉદગામ

YEAR-71

SEPTEMBER 25



RI PRESIDENT: RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET

CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## Project - 24

**પ્રોજેક્ટ : આઈ ચેકઅપ કેમ્પ - ૪**
**તારીખ : ૩૦-૮-૨૦૨૫, શનિવાર**
**સ્થળ : નગરા ગામ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરેક્ટ કલબ સુરેન્દ્રનગર, શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આ પ્રોજેક્ટ કરવામાં આવ્યો.




નગરગામની શાળામાં ૧૫૦ વિદ્યાર્થીઓ તથા આજુબાજુના ગામવાસીઓ ૨૦૦ એમ કરીને ૩૫૦ વ્યકિતઓનું આઈ ચેક અપ કરવામાં આવ્યું જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને શ્રીમદ રાજપંદ્ર હોસ્પિટલ રિસર્ચ સન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર દ્વારા ફ્રી માં નંબર વાળા ચશ્મા આપવામાં આવ્યા .

આ કેમ્પ દરમ્યાન રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. ઉદય રાવલ હાજર રહ્યા હતા.





## Project - 25

**પ્રોજેક્ટ : આઈ ચેકઅપ કેમ્પ - ૫** **તારીખ : ૧-૯-૨૦૨૫, સોમવાર**

**સ્થળ : એસ.પી. વિદ્યાલય**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરેકટ કલબ સુરેન્દ્રનગર, શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આ પ્રોજેક્ટ કરવામાં આવ્યો.



આ કેમ્પમાં ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થી હતા જેમાં ૫૦૦ વિદ્યાર્થીઓની આંખની તપાસ કરવામાં આવી. જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને ફ્રીમાં ચશ્મા આપવામાં આવ્યા.

આ કેમ્પમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. ઉદય રાવલ હાજર રહ્યા હતા.








## Project - 26

**પ્રોજેકટ : ગણેશ વિસર્જન** **તારીખ : ૨-૯-૨૦૨૫, મંગળવાર**

**સ્થળ : ''કલાકર્મ પીઠ'' કલાસીસ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થા સાથે સંકળાયેલ ''કલાકર્મ પીઠ'' કલાસીસમાં તા. ૨૭-૮-૨૦૨૫ ગણપતિ મહોત્સવનો આગમન કરી તા. ૨-૯-૨૦૨૫ ના રોજ પાંચ દિવસ દરમ્યાન પુજા, પાઠ, આરતી કર્યા બાદ ગણેશ વિસર્જન ભકિતમય વાતાવરણ તથા ધામધુમથી ઉજવવામાં આવ્યું.

રોટેરિયન સખીઓ એ કલાસીસમાં આવતી બહેનોને અવનવી ગેમ્સ રમાડી હતી. વિજેતા બહેનોને પ્રોત્સાહિત કરી ગિફ્ટ પણ આપવામાં આવી હતી સાથે ગરબા પણ કર્યા હતા. ભકિતમય વાતાવરણ ધામધુમ પૂર્વક શ્રી ગણપતિ બાપ્પાનું વિસર્જન કરવામાં આવ્યું.

પ્રસાદી રૂપે મેઘાવિની રાવલ દ્વારા બુંદીના લાડું આપવામાં આવ્યા હતા.

કલાસીસની બહેનો, બાળકો તથા રોટેરિયન મિત્રોને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વડાપાઉની ફેલોશિપ આપવામાં આવી હતી.











## Meeting - 9

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. જયેશ પંચોલી
સુવિચાર : આરતી શાહ
ગ્રીટીંગ્સ્ : રો. દિલિપ શાહ

ફોરવે ટેસ્ટ : રો. ક્રિષ્ના સોલંકી
એટેન્ડન્સ : રો. પરિમલ મોદી
તા. ૩-૯-૨૦૨૫, બુધવાર

અંધવિદ્યાલય, સોમાસર, સવાશાળા, નગરા, એસ.પી.વિદ્યાલય એમ પાંચ આઈ ચેક અપ કર્યા તેની વિસ્તારપૂર્વક અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો. ''કલાકર્મ પીઠ'' કલાસીસમાં ગણપતિ વિસર્જનનો અહેવાલ મેઘાવિની રાવલ દ્વારા આપવામાં આવ્યો.

રાજકોટ ઈન્ટરસિટી સેમીનારમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. સાગર શાહ, રો. ઉદય રાવલ, રો. જય મહેતા ગયેલા તેમની વિસ્તૃત માહિતી રો. જય મહેતા દ્વારા આપવામાં આવી.

નવરાત્રી વિશેની માહિતી ડૉ. સિધ્ધેશ વોરા દ્વારા આપવામાં આવી વધુ જણાવતા ડોનેશન પાસ, ફુડ કોડ, ન્યુ અપડેટમાં શુ કરવું તેની વિસ્તૃત માહિતી આપી.

આગામી આઈ ચેક અપ કેમ્પ હળવદ તથા ધ્રાંગધ્રા સાથે જોઈન્ટ પ્રોજેકટ કરવા જઈ રહ્યા છીએ તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

ડિસ્ટ્રીકમાંથી આવેલ પ્રોજેકટ તા. ૧૫/૧૬ એમ બે દિવસ સ્પેશિયલ ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ રાખવામાં આવશે. બેદિવસનો ટ્રેનિંગ શેશન પણ રહેશે તથા તૈયારી કેવી રીતે કરવી તેની વિગતવાર માહિતી રો. કે. એન પટેલ દ્વારા આપવામાં આવી.



A.G. રો. સંદિપ ગાંધી કલબની વિઝીટ પર આવેલા તેનો પરિચય ડો. અમી વોરા દ્વારા આપવામાં આવ્યો. એ. જી. સંદિપ ગાંધીએ સુરેન્દ્રનગર રોટરી કલબ દ્વારા કરાયેલ પ્રોજેકટ વિષે સંતોષ વ્યકત કર્યો હતો તથા તેમણે જણાવ્યું કે કલબના પ્રોજેકટ સાચા અર્થમાં લોકો સુધી પહોંચતા અને ઉપયોગી સાબિત થઈ રહ્યા છે.

રો. કેતન જોષી (એન્યુઅલ ગીવીંગ ચેર) કલબ વિઝીટ માટે આવેલા તેનો પરિચય રો. પારસ સોલંકી દ્વારા આપવામાં આવ્યો રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વિવિધ પ્રોજેકટ ''કલાકર્મ પીઠ'' કલાસીસમાં ચાલતા વિવિધ કલાસો રાયલા, આઈ ચેક અપ કેમ્પ એનિમિયા મુકત ભારત આગામી નવરાત્રિ ઈવેન્ટ એમ દરેક નાના-મોટા પ્રોજેકટની જાણકારી મેળવીને ખૂબ પ્રસન્ન થયા હતા. સુરેન્દ્રનગર રોટરી કલબની વિઝીટ પર A.G. રો. સંદિપ ગાંધી તથા રો. કેતન જોષી આવ્યા તે ગૌરવની ક્ષણ કહેવાય.

## Project - 27

પ્રોજેક્ટ : આઈ ચેકઅપ તથા એનિમિયા ચેક અપ કેમ્પ    તારીખ : ૫-૯-૨૦૨૫, શુક્રવાર
સ્થળ : શરણેશ્વર મહાદેવ મંદિર, હળવદ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરી કલબ ઓફ હળવદ તથા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ કરવામાં આવ્યો.

રોટરી કલબ ઓફ હળવદ શરણેશ્વર મહાદેવ મંદિર ખાતે આઈ ચેક અપ કેમ્પ કરવામાં આવ્યો. જેમાં દરેક પેશન્ટને આંખનાં નંબર ચકાસવામાં આવ્યા જેમને નંબર હોવાનું નિદાન થયું તેવા દરેક દર્દીને સારી કવોલિટીના નંબર વાળા ચશ્મા વિના મૂલ્યે આપવામાં આવ્યા.

આ કેમ્પમાં ૨૫૦ જેટલા દર્દીઓ એ લાભ લીધો હતો.

રોટરી કલબ ઓફ હળવદ શરણેક્ષવર મહાદેવ મંદિર ખાતે એનિમિયા ચેક અપ કેમ્પ કરવામાં આવેલ, લોહીની તપાસ, હિમોગ્લોબીન, કૃમિ કે લોહી વિકારની તકલીફ હોય તેને ચકાસીને દવા ફ્રી માં આપવામાં આવી, આ કેમ્પમાં ૨૨૫ દર્દીઓ એ લાભ લીધો હતો.

આ સેવા કેમ્પમાં રોટરી કલબ હળવદના પ્રેસિડન્ટ ગજેન્દ્ર મોરડિયા, પ્રોજેકટ ચેર રો. મનીષ દેથરિયા, મનિષ દક્ષિણી, ચીનુભાઈ પટેલ, રાજુભાઈ ઠક્કર, ભરતભાઈ પટેલ, સંજય પીપલોતર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેકટમાં આર.સી.સી. કલબ હળવદના બળદેવભાઈ પંચાસરા, સુરાણી ભાઈ તથા દલવાડીભાઈ, કમલેશભાઈ, રોટ્રેકટ મિત્રો તેમજ અન્ય સેવાભાવી મિત્રોનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો હતો. કેમ્પમાં આવેલા ડોકટરોની પણ ખૂબ સુંદર કામગીરી રહી હતી.











## Project - 28

**પ્રોજેક્ટ : આઈ ચેકઅપ તથા એનિમિયા ચેક અપ કેમ્પ** **તારીખ : ૫-૯-૨૦૨૫, શુક્રવાર**
**સ્થળ : આર્ય સમાજ મંદિર ધ્રાંગધ્રા**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરી કલબ ઓફ ધ્રાંગધ્રા તથા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ કરવામાં આવ્યો.

આ કેમ્પમાં જરૂરિયાતમંદ લોકોનું આંખોની તપાસ કરવામાં આવી જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને નિઃશુલ્ક નંબરવાળા ચશ્માં આપવામાં આવ્યા.

આ કેમ્પમાં ૨૫૦ દર્દીઓ એ લાભ લીધો હતો. આ કેમ્પની સાથે એનિમિયા મુકત ભારત કેમ્પ પણ કરવામાં આવેલ જેને લોહીની તપાસ, હિમોગ્લોબીન, કૃમિ કે લોહી વિકારની તકલીફ હોય તેને ચકાસીને દવા નિઃશુલ્ક આપવામાં આવી.

આ કેમ્પમાં ધ્રાંગધ્રાના પ્રેસિડન્ટ રો. ગોપાલ એમ. મહેતા સેક્રેટરી રો. કૌશલ એ. વોરા તથા પ્રોજેક્ટ ચેર રો. મહેલ સોની, પ્રોજેક્ટ કો. ચેર મેહુલ દવે, પ્રોજેક્ટ કો. ચેર રો. કલ્પેશ ત્રિકમાણી, અશોક કપુર તથા રઘુભાઇ ચૌહાણ હાજર રહ્યા હતા.









## Meeting - 10

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : ડો. અમી વોરા**
**સુવિચાર : મેઘાવિની રાવલ**
**એટેન્ડન્સ : રો. કલ્પના મહેતા**
**ફોરવે ટેસ્ટ : રો. રશ્મિન મહેતા**
**ગ્રીટીંગ્સ્ : રો. ક્રિષ્ના સોલંકી**
**તા. ૧૦-૯-૨૦૨૫, બુધવાર**

ધ્રાંગધ્રા રોટરી તથા હળવદ રોટરી સાથે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા મુકત ભારત કેમ્પ વિશેનો વિગતવાર અહેવાલ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

તા. ૧૪-૯-૨૦૨૫ ના રોજ માઈનોર સર્જરી કેમ્પની તૈયારી વિશેની માહિતી રો. ડો. સિધ્ધેશ વોરા દ્વારા આપવામાં આવી.

તા. ૧૯-૯-૨૦૨૫ ના રોજ રોટરી હોલ ખાતે એનિમિયા મુકત પ્રોજેક્ટની વિગતવાર માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

કોઠારીયા તથા ઉદ્યોગનગર ગાર્ડનમાં આરો વોટર પ્લાન્ટની ફીટીંગની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવમાં આવી.

રો. અશોક શાહના ગ્રાન્ડ ચિલ્ડ્રન કાવ્યા શાહ તથા વિહાન શાહ દ્વારા Kangaroo Mother પ્રોજેક્ટનું PPT દ્વારા ખૂબ જ સરસ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું બાળકો ફક્ત ૧૪ વર્ષની ઉંમરે આવા સુંદર વિચારો સમાજ માટે કંઈ કરવાની ભાવના ખરેખર બિરદાવવાને પાત્ર છે.

## Project - 29

**પ્રોજેક્ટ : આઈ ચેકઅપ તથા એનિમિયા મુક્ત ભારત કેમ્પ** **તારીખ : ૧૩-૯-૨૫, શનિવાર**
**સ્થળ : પ્રા. શાળા નં. ૧૦, હળવદ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા રોટરી કલબ ઓફ હળવદ તથા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી. યુ. શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા નિઃશુલ્ક એનિમિયા મુકત ભારત કેમ્પ કરવામાં આવ્યો.

આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા મુકત ભારત આ બન્ને કેમ્પ પ્રા. શા. નં. ૧૦ હળવદ ખાતે કરવામાં આવેલ જેમા દરેક વિદ્યાર્થીને આંખોની તપાસ કરવામાં આવી જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને નંબર વાળા ચશ્મા આપવમાં આવ્યા તથા એનિમિયા મુકત ભારત જેમા વિદ્યાર્થીઓને લોહીની તપાસ કરી હિમોગ્લોબીન કૃમિ કે લોહિવિકારની તકલીફ હોય તો ચકાસી જેને પણ દવાની જરૂરત હતી એવા વિદ્યાર્થીઓને દવા નિઃશુલ્ક આપવામાં આવી.

આ બન્ને કેમ્પમાં કુલ ૪૫૦ જેટલા બાળકોનએ લાભ લીધો હતો. આ સેવા કેમ્પ માં રોટરી કલબ હળવદના પ્રેસિડન્ટ રો. ગજેન્દ્ર મોરડિયા નરભેરામ ભાઈ અઘારા તથા ઈનરવિલ કલબ હળવદના પ્રેસિડન્ટ પ્રવિણાબેન મોરડિયા, રોટરેકટ કલબ હળવદના પ્રેસિડન્ટ સુખનંદન પટેલ સેક્રેટરી પ્રમિત પટેલ, ચિરાગ ગુપ્તા અનંત અઘારા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેકટમાં શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફના મિત્રોનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો હતો. કેમ્પમાં આવેલા ડોકટરોની પણ ખૂબ સુંદર કામગીરી રહી હતી.









## Project - 30

**પ્રોજેક્ટ : માઈનોર સર્જરી કેમ્પ** **તારીખ : ૧૪-૯-૨૦૨૫, રવિવાર**
**પ્રોજેક્ટ ચેર : રો. ડો. સિદ્ધેશ વોરા** **સ્થળ : યુગમ સર્જીકલ હોસ્પિટલ, સુ.નગર**

યુગમ સર્જીકલ હોસ્પિટલ ખાતે માઈનોર સર્જરી કેમ્પ કરવામાં આવેલ. સવારે ૯-૦૦ કલાકે દિપ પ્રાગટ્યથી કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. રજીસ્ટ્રેશનની કામગીરી ડો. અમી વોરા દ્વારા કરવામાં આવેલ.



આ કેમ્પમાં ગૈગ્લિઓન, લાઈપોમાં, સિબેશિપસ, ફોલ્લો, ઈયર રીપેર તથા ડર્મોઈડ ફોલ્લો જેવા નાના ઓપરેશન ફકત જરૂરી ભાગ ખોટો પાડી કરવામાં આવેલ.

આ કેમ્પમાં રો. ડો. સિદ્ધેશ વોરા, ડો. વિકાસ બટલા, એનેસ્થેસિયા ડો. રાજેશ શાહ તથા યુગમ સર્જીકલ હોસ્પિટલના સ્ટાફ મેમ્બર્સ દ્વારા સેવા આપવામાં આવી હતી.

આ કેમ્પમાં ૭૦ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને ૫૦ સર્જરી કરવામાં આવી હતી. જેનો ખર્ચ પાંચ લાખ થી વધુ થઈ શકે છે રોટેરિયન મિત્રો પણ આ કેમ્પમાં હાજર રહ્યા હતા.






## Project - 31

**પ્રોજેક્ટ : એવરી ડે સાયન્સ ડે** **તારીખ : ૧૫/૧૬-૯-૨૦૨૫, (બે દિવસ)**
**પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા** **સ્થળ : રોટરી હોલ**

ડિસ્ટ્રીકટમાંથી આવેલ પ્રોજેકટ "Every Day Science Day" અંતર્ગત ટીચર્સ ટ્રેનિંગ પ્રોજેકટ રોટરી હોલ ખાતે રાખવામાં આવેલ જેનું સંચાલન વિશાલ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન સુરેન્દ્રનગર, એન. જે. ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ બી. પી. સેન્ટર ના સંયુકત ઉપક્રમે યોજવામાં

આવેલ આ બે દિવસની તાલીમ માત્ર લેકચર પૂરતી સીમિત ન હતી. પરંતુ પ્રશ્ન, ચર્ચા, તારણ અને વિવિધ વૈજ્ઞાનિક અને ગાણિતિક એકિટીવીટીનું અદ્‌ભુત સંયોજન હતું આ અભિગમને લીધે દરેક શિક્ષકોએ સક્રિય પણે ભાગ લીધો બેંગ્લોરથી આવેલ તજજ્ઞ વિશાલ ભટ્ટની અનોખી શૈલી તેમજ પ્રભાવશાળી વકતવ્ય એ ટ્રેનિગને વધુ રસપ્રદ બનાવી તેમજ ટ્રેનિંગમાં ઊપસ્થિત શિક્ષકવર્ગ ઉત્તમવર્ગ છે તેવુ તજજ્ઞશ્રી દ્વારા તેમજ રોટરી કલબ ઓફ અમદાવાદ ગણદેવીના પ્રજ્ઞેશભાઈ દ્વારા જણાવવામાં આવ્યું, આ ટ્રેનિંગમાં ૫૫ જેટલા સરકારી શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ હતો. ટ્રેનિંગ વર્ગમાં ઉપસ્થિત શિક્ષકો દ્વારા તેમજ તજજ્ઞ દ્વારા સારા એવા પ્રશ્નોની ચર્ચાના આધારે બંને પક્ષે નવા વિચારની દિશા ખોલી અને સાથે સાથે વિદ્યાર્થીઓની રસ રૂચિ જળવાઈ રહે તે રીતે વર્ગમાં કામ થાય તેની બાહેધરી પણ અપાઈ ટ્રેનિંગને સફળ બનાવવા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના પ્રેસિડન્ટ હિરેન શાહ, લિટ્રેસી રો. કે.એન. પટેલ, પ્રોજેકટ ચેર પિનલ દેકેવાડિયા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના આચાર્ય સી. ટી. ટુંડિયા સાહેબ તથા લેકચરર વિમલભાઈ દંગી સાહેબ તેમજ સમગ્ર રોટરી પરિવારની મહેનત દ્વારા સરસ રીતે ટ્રેનિગનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ટીચર્સ ટ્રેનિગ માટે આવેલ તથા રોટેરીયન મિત્રોને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા બે દિવસ ફેલોશીપ આપવામાં આવેલ.












## Project - 32

**પ્રોજેકટ : આઈ ચેક અપ તથા એનિમિયા મુકત ભારત કેમ્પ** **તારીખ : ૧૮-૯-૨૦૨૫,**
**સ્થળ : એન.એમ જાડેજા સ્કૂલ, વઢવાણ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ કરવામાં આવ્યો તથા હિમોગ્લોબીન ચેક કરવામાં આવેલ.

આ કેમ્પમાં ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓનું આઈ ચેક અપ કરવામાં આવેલ જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને ફ્રીમાં નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા.



આ કેમ્પમાં ૩૫૦ લાભાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી તથા હિમોગ્લોબીન પણ ચેક કરવામાં આવેલ.

આ કેમ્પમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા સ્કૂલન શ્રી વિશુભા ઝાલા, મહિલા પ્રમુખ હર્ષાબા જાડેજા શાળાના પ્રિન્સીપાલ શ્રી પ્રદયુમન સિંહ ઝાલા હાજર રહેલા તથા સ્ટાફે ખૂબ જ મહેનત ઉઠાવી હતી. તથા સ્કૂલ મેમ્બર્સ તથા સ્ટાફના લોકો એન. એમ. જાડેજા સ્કૂલ તરફથી ફેલોશીપ આપવામાં આવેલ.





## Project - 33

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ તથા એનિમિયા મુક્ત ભારત કેમ્પ** **તારીખ : ૧૮-૯-૨૦૨૫,**
**સ્થળ : સરસ્વતી વિદ્યાલય, બોળા તળાવ, વઢવાણ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ કરવામાં આવ્યો.

આ કેમ્પમાં ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓનું આઈ ચેક અપ કરવામાં આવેલ જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને નિઃશુલ્ક નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા તથા લોહીની તપાસ કરી હિમોગ્લોબિન, કૃમિ કે લોહિવિકારની તકલીફ હોય તો ચકાસી જેને પણ દવાની જરૂરત હતી એવા વિદ્યાર્થીને દવા નિઃશુલ્ક આપવામાં આવી.

આ કેમ્પમાં ૩૨૫ દિકરીઓનું ચેક અપ કરવામાં આવેલ.

આ કેમ્પમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા સ્કૂલના પ્રિન્સીપાલ હિનાબેન ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલના પ્રિન્સીપાલ હિનાબેન રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

## Project - 34

**પ્રોજેક્ટ : નવરાત્રિ સેલીબ્રેશન** **તારીખ : ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫,**
**સ્થળ : માતૃશ્રી પાર્ટી પ્લોટ, સુરેન્દ્રનગર.**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનો નવરાત્રી સેલીબ્રેશન મેગા ફંડ રાઈઝીંગ ઈવેન્ટ હતો. આ પ્રોજેક્ટ (૧) રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર (૨) રોટરી કલબ વઢવા મેટ્રો (૩) રોટરેક્ટ કલબ સુરેન્દ્રનગર (૪) રોટરેક્ટ કલબ વઢવાણ મેટ્રો આ ચાર કલબ દ્વારા એક સાથે મળીને જોઈન્ટ પ્રોજેક્ટ કરવામાં આવેલ હતો.

આ ચાર દિવસ દરમ્યાન રો. વિપુલ પટેલ - વાપી, કલેક્ટર મોનીકાબેન, એમ.પી. ચંદુભાઈ શિહોરા, A. G. રો. સંદિપ ગાંધી, રો. પરિતા ગાંધી, આસિસટન્ટ ડિસ્ટ્રીક લર્નિંગ ફેસિલેટર રો. કેતન જોષી, SOG PI ભાવેશભાઈ, LEB PI નચારા સાહેબ, SP પ્રેમ સુખડેલુ સાહેબ, PI JJ જાડેજા સાહેબ, રો. બંશી શેઠ, DG 26-27 રો. નિલેશ પંચોલી



રો. શ્રુતિ શાહ આ ચાર દિવસ દરમ્યાન મહેમાનો ઉપસ્થિ રહ્યા હતા.

આ નવરાત્રિના ઈવેન્ટના મુખ્ય હાઈલાઈટ કર્તા એ આપણા ગાયકો અંકિત પટેલ નિકિતા શાહ, પાર્થ પટેલ, નવપંખ જેમણે પોતાની ટીમ સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. તેમજ સંગીતના સાજીંદાઓ દ્વારા નવરાત્રિની રમઝટ બોલાવી હતી.

રાજકોટથી આવેલ પલક આચાર્ય ત્રિવેદીએ પોતાની આગવી અને કુશળ શૈલીમાં ખુબજ સરસ એન્કરીંગ કરી અને નવરાત્રીના પ્રસંગને શોભાવ્યો હતો. મધુરવાણી અને રસપ્રદ રજુઆતના કારણે સમગ્ર કાર્યક્રમમાં નવચેતનાનો માહોલ સર્જાયો. રોટરીની ઈમેઝ વધારવા માટે તેમણે ખુબજ સરસ ઈન્ફર્મેશન આપી.

કેટરીંગ જે ખૂબ મહત્વનો ભાગ છે રોટેરીયન જયદિપ માથરોટિયા (વિજય આનંદ કેટરીંગ)ને સોંપવામાં આવ્યું હતું. નવરાત્રિના ચાર દિવસ દરમ્યાન અનલિમીટેડ મોકટેલ, કાઉન્ટરથી લઈને અવનવી વેરાયટીનું ફુડ તથા ચા અને કોફી શરૂઆતથી લઈ અને પૂર્ણાહૂતી સુધી હાજર હતું.

અલગ - અલગ કેટેગરીમાં સરપ્રાઈઝ ગીફટ પણ આપવમાં આવ્યા હતા. આ સરપ્રાઈઝ ગીફટના સ્પોન્સર રો. યશ રાઠોડ હતા. નવરાત્રિનો ઈવેન્ટ ખૂબ જ સફળ રહ્યો હતો. તેમજ ખેલૈયાઓએ ખૂબ આનંદથી ગરબાની મઝા માણી હતી.

રોટરીના તમામ મેમ્બર્સ પોત-પોતાની રીતે જે કોઈ યોગદાન આપ્યું હોય અને જવાબદારી લઈ અને ઈવેન્ટને સફળ બનાવવા પોતાનું યોગદાન આપેલ હોવાથી તે સૌનો રોટરી કલબ તરફથી ખુબ-ખુબ આભાર વ્યકત કરવામાં આવે છે.






















Rotary
नवरात्रि
2025












## Meeting - 10

મીટીંગ કોલ ટુ ઓર્ડર : તોરલ શાહ
સુવિચાર : મેઘાવીની રાવળ
અટેન્ડન્સ : અમિતા પટેલ

ફોરવે ટેસ્ટ : રો. રૂતા સોની
ગ્રીટીંગ્સ્ : ડો. અમી વોરા
તા. ૧-૧૦-૨૦૨૫, બુધવાર



"એવરી ડે સાયન્સ ડે" નો પ્રોજેકટ વિસ્તૃત માહિતી રો. પારસ સોલંકી દ્વારા આપવામાં આવી.

માઈનોર સર્જરી કેમ્પનો અહેવાલ રો. ડો. સિદ્ધેશ વોરા દ્વારા આપવામાં આવેલ. એનિમિયા ચેક અપ કેમ્પ અને આઈ ચેક અપ કેમ્પ, એન. એમ, જાડેજા સ્કૂલમાં કરેલ તેનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

નવરાત્રિ ફંડ રાઈઝીંગ ઈવેન્ટ જે ખૂબ જ સફળ રહ્યો છે તેની વિગતવાર માહિતી રો. ડો. સિદ્ધેશ વોરા દ્વારા આપવામાં આવી હતી.

સ્વમાન સ્ટોર તારીખ ૧૧-૧૨ ઓકોટબર ૨૦૨૫ના રોજ કરવા જઈ રહ્યા છે તેની તૈયારી કેવી કીતે કરવી તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી હતી.




## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 3 | Sep. | Ann. | Vruta Dhvanijbhai Patadiya | B. D. |
| 6 | Sep. | Rtn. | Ruta Vipulbhai Mandaliya | B. D. |
| 7 | Sep. | Rtn. | Kundanben Sumanbhai Pujara | B. D. |
| 10 | Sep. | Rtn. | Dr. Kalpeshbhai Wandra | B. D. |
| 12 | Sep. | Ann. | Vidya Nileshbhai Pancholi | B. D. |
| 13 | Sep. | Ann. | Dhyana Bhavikbhai Vora | B. D. |
| 13 | Sep. | Spo. | Khyati Sohambhai Gadani | B. D. |
| 15 | Sep. | Rtn. | Bhavibhai Vora | B. D. |
| 18 | Sep. | Rtn. | Dilipbhai Shah | B. D. |
| 19 | Sep. | Spo. | Nisha Nareshbhai Kela | B. D. |
| 21 | Sep. | Rtn. | Nitinbhai Patel | B. D. |
| 22 | Sep. | Rtn. | Parth Atulbhai Doshi | B. D. |
| 22 | Sep. | Ann. | Rinki Dipakbhai Sejpal | B. D. |
| 23 | Sep. | Spo. | Purnaben Nileshbhai Pancholi | B. D. |
| 23 | Sep. | Spo. | Najma Amin Bhurani | B. D. |
| 23 | Sep. | Ann. | Shrushti Keyurbhai Mehta | B. D. |
| 24 | Sep. | Ann. | Dhara Udaybhai Raval | B. D. |
| 25 | Sep. | Ann. | Devanshish Mukeshbhai Chaudhary | B. D. |



| | | | | |
|---|---|---|---|---|
| 25 | Sep. | Ann. | Dhruv Kalpeshbhai Wandra | B. D. |
| 26 | Sep. | Spo. | Kinjal Jaydip Matharotiya | B. D. |
| 29 | Sep. | Ann. | Prasad Ulhas Marathe | B. D. |
| 29 | Sep. | Spo. | Falguniben Pratyushbhai Gosalia | B. D. |
| 30 | Sep. | Ann. | Dr. Himani Bipinbhai Shah | B. D. |
| 30 | Sep. | Rtn. | Parth & Ruchita Doshi | W. A. |

Team Achievers

UNITE FOR GOOD

ROTARY INTERNATIONAL

### CLUB CONTACTS


**PRESIDENT**
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

**SECRETARY**
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

**BULLETIN EDITOR**
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com


Publisher : Rotary Club of Surendranagar